**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૦/૦૧/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૬૫/૧૮**

**ચિખલીગર ગેગના એક ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે પકડી અમદાવાદ, મહેસાણા, માણસા, વિજાપુર, અડાલજ શહેરની મળીને કુલ્લે-૦૮ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજ્યમાં રાતના સમયે ભુંડ પકડવાના બહાના હેઠળ બંધ મકાનના તાળા તોડી ઘરફોડ ચોરી તેમજ જાહેર માર્ગો ઉપર મોટર સાયકલ ઉપર આવી ચીલ ઝડપ કરી ગળામાં પહેરેલ સોનાની ચેઈનની લુંટ કરવા અંગેના બનાવો બનવા પામતા હોય, જેથી આવા ગુન્હાઓ બનતાં અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને જે.સી.પી શ્રી જે.કે.ભટ્ટ ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા અધિક નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા૦૯/૦૧/૨૦૧૮ ના રોજ ક્રાઈમબ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી તથા જે.એન.ગોસ્વામી નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં, દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે સાબરમત્તી મોટેરા રોડ સીટી ગોલ્ડ પાસે રોડ ઉપરથી શક્તિસિંગ નેપાલસિંગ સરદાર (ચિખલીગર) ઉ.વ.૩૫ રહે. આયોજન નગર જુની પાણીની ટાંકી પાસે રેલ્વે સ્ટેશન પાછળ આરસોડીયા રોડ કલોલ તા-કલોલ જી-ગાંધીનગર નાઓને પકડી તેની પુછતાછ કરતાંસોલા પો.સ્ટે માં દાખલ થયેલ ચેઇન સ્નેચીંગ ગુનામાં વોંન્ટેડ હોય તેને પકડીતેની પાસે થી સોનાનો મુદ્દામાલકિ. ૨૫૦૦૦/ ના મુદ્દામાલ સાથે પકડી વધુ પુછતાછ કરતાછેલ્લા એક વર્ષ દરમ્યાન પોતાની સાથેના ચિખલીગર ગેગના સભ્યો સાથે ભેગા મળી મહેસાણા – ઘરફોડ-૧ , માણસામાં ઘરફોડ-૨ અડાલજ તથા ઉવારસદ માં ૧-૧ ઘરફોડ મળી પાંચેક જેટલી ઘરફોડ તેમજ કલોલ અને વિજાપુર ના બાઇક ચોરી ના બે ગુના ની કબુલાત કરેલ છેજે પૈકી કલોલ પો.સ્ટે ના બાઇક ચોરીના એક ગુનામાં વોન્ટેડ છે.

સદર પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં આરોપી અગાઉ વડોદરા શહેર પાંણી ગેટ પોસ્ટે ઘરફોડ ચોરી તેમજ સાબરમત્તી પો.સ્ટે માં ઘરફોડ ચોરી ના ગુનામાં પકડાયેલ છે

સદર પકડાયેલ આરોપી તેની સાથેના ચિખલીગર ગેગના સભ્ય સાથે ભેગા મળી આજથી ત્રણેક માસ દરમ્યાન ઉપર ચોરીના મોટર સાયકલ ઉપર બન્ને જણા ચેઈન સ્નેચીંગ કરવાનુ પ્લાન બનાવેલ અનેએકલ દોકલ જતી મહિલાઓને ટાર્ગેટ બનાવી બન્ને જણા મોટર સાયકલ પર આવી ચીલઝડપ કરી મહિલાના ગળામાંથી ચેઈન તોડવાનુ કામ કરેલ હોવાનુ અને તે મુજબઅમદાવાદ શહેરમાં સોલા પો.સ્ટે વિસ્તારમાંથી વંદેમાતરમ ટાઉનશીપ,શાંતિ જુનીયર સ્કુલ પાસેથી એક બહેન ચાલતા જતા તેઓના ગળામાંથી સોનાનો દોરો તોડેલાની કબુલાત કરતાં મુદ્દામાલ સાથે મળી આવેલ છે. જે આધારે સોલા પો.સ્ટે નો સંપર્ક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૧/૨૦૧૮ ધી ઈ.પી.કો.કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ).૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના ફરીયાદી શ્રીમતી ઉર્મિલાબેન તે રમેશભાઈ રેવાભાઈ સોલકીની વિધવા પત્ની ઉ.વ.૪૫.રહે-મ.નં.૩૩૭/૧૩ પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૦૨ ગિરધરનગર.શાહીબાગ.અમદાવાદ શહેર.મુળ વતન ગામ-મણોદ તા.જી.પાટણ નાઓની ફરીયાદના કામે તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક:૦૧/૩૦ વાગ્યાના સુમારે આરોપી (૧) જીતેન્દ્ર ઉર્ફે જીતુ નટવરભાઈ પરમાર (૨) ભાવેશ ઉર્ફે ખીંચડી કિશોરભાઈ પરમાર બન્ને રહે-ગજાનંદ સોસાયટી.ગિરધરનગર.શાહીબાગ.અમદાવાદ નાઓએ ગિરધરનગર વીમા યોજના ડી/૦૬ ની સામે આવેલ ભંગાર ની દુકાનની સામે જાહેર રોડ ઉપર ઉપરોકત આરોપીઓ ગમે તેમ બિભત્સ ગાળો બોલતા હોય આ ગુના કામના સાહેદ ઈજા પામનાર પ્રશાંત ઉર્ફે લાલો S/O રમેશભાઈ સોલકી ઉ.વ.૨૩ રહે-પ્રિતમપુરા સોસાયટી વિભાગ-૦૨ ગિરધરનગર શાહીબાગ.અમદાવાદ.નાએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોકત આરોપીઓએ ફરીયાદી બેનના દિકરા સાથે ઝઘડો કરી માથાના ભાગે જીવલેણ ઈજાઓ કરી ભાગી ગયેલ વિગેરે મતલબે ઉપરોકત નંબરથી ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

આ ગુનાની તપાસ મે અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૦૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૦૪ અમદાવાદ શહેર તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી એફ ડીવિઝન અમદાવાદ શહેર તથા સીનિયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ.કે.પટેલ. નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરોકત આરોપીની અમો તપાસમાં હતા દરમ્યાન અમારી ગાડીમાં ફરજ બજાવતાં અ.પો.કો સંજયભાઇ ઘેલાભાઇ નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે આ ગુનાનો આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ S/O સતીષભાઇ હીરાલાલ જાતે પટેલ ઉ.વ.૨૧ ધંધો-છુટક મજુરી રહે. મ.નં-૪૬૩/૫૨ ગજાનંદ સોસાયટી. પ્રિતમપુરા સોસાયટીની બાજુમાં. ગિરધરનગર. અમદાવાદ અમદાવાદ શહેર તથા મ.નં-૩૫૦/૧૧ જનતાનગરની ચાલી. વિઠ્ઠલનગર ચાર રસ્તા. શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન રોહીતવાસ. ગામ.જંત્રાલ તા.વિજાપુર જિ.મહેસાણા નાનો સિવિલ હોસ્પિટલ ખાતે આવતો હોવાની બાતમી હકીકત મળેલ જે આધારે વોચ કરતાં સદરી આરોપી સિવિલ હોસ્પિટલ ખાતેથી પસાર થતો હતો ત્યારે અમોએ તથા સ્ટાફના માણસોએ પકડી લીધેલ અને પો.સ્ટે.લાવી સદરીને કલાક:૧૯/૫૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે.

**સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા શરીર સંબંધી તેમજ આર્મ એકટના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પો.કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલકત તેમજ શરીર સંબંધીની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં મિલ્કત સંબંધી તેમજ શરીર સબંધી ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે શરીર સંબંધી તેમજ આર્મ એકટનો ગુનો આચરનાર નામે **સંજયભાઇ ઉર્ફે માંજરો સ/ઓ વિનુભાઇ અંબાલાલ પટેલ ઉ.વ.42 હાલ-રહે મ.નં 20 સિધ્ધાર્થ બંગલોઝ સિધ્ધાર્થ પાર્ટી પ્લોટની બાજુમાં ન્યુ વાવોલ તા-જી-ગાધીનગર મુળગામ કોલવડા વારાહી માતાનો વાસ તા-જીલ્લો-ગાંધીનગર** નાની વિરુધ્ધમાં મારામારી તેમજ આર્મ એકટમાં પકડાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૨/૨૦૧૮ તા:૦૪/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને તા:૦૯/૦૧/૨૦૧૮ ના ક.૦૬/૩૦ વાગે પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**